પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી
દિકરીના લગ્ન સમયે કુલ ૨.૦૦ લાખ સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/0147/CHH Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૬/૨૦૨૩

વંચાણેલીધા :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અનથ ૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ તા.૨૯/૦૮/૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અનથ ૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ તા.૧૮/૧૨/૨૦૦૯.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/ન.બા.૦૭/છ, તા.૨૯/૦૪/૨૦૧૬.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૧૬/૧૭૩૪૨૧/ન.બા./છ તા.૦૩/૦૫/૨૦૧૭.

(૫) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૨૧/૨૬૮૯૦૨/છ, તા.૧૧/૦૬/૨૦૨૧.

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૨૧/૨૬૮૯૦૨/છ તા.૨૭/૦૭/૨૦૨૧.

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૨૧/૨૬૮૯૦૨(પાર્ટ-૨)/છ તા.૨૮/૦૭/૨૦૨૧.

(૮) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/APA/e-file/226/2023/0023/Children Protection Branch. તા.૦૪/૦૧/૨૦૨૩.

(૯) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/MAM/e-file/226/2023/0022/Construction , તા.૧૮/૦૩/૨૦૨૨૩.

આમુખ :-

વંચાણે લીધા ક્રમાંક (૧) થી પાલક માતા પિતા યોજના સમગ્ર રાજ્યમાં લાગુ પાડવા માટેના વહીવટી મંજૂરીનાં હુકમો કરવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધા ક્રમાંક (૨) થી (૪) માંના ઠરાવોથી આ યોજનાના ધારા ધોરણમાં સુધારા-વધારા કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૫) થી કોવિડ-૧૯ મહામારી દરમિયાન અનાથ થયેલ બાળકોને "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" અન્વયે સહાય પેટે બાળક ૧૮ વર્ષ પૂર્ણ કરે ત્યા સુધી માસીક રૂ.૪૦૦૦/- સહાય પેટે આપવાનું ઠરાવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૬) "મુખ્ય મંત્રી બાળ સેવા યોજના"નો લાભ અનાથ બાળકોને ૧૮ વર્ષથી વધારી ૨૧ વર્ષ સુધી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૭) "મુખ્ય મંત્રી બાળ સેવા યોજના"નો લાભ માતા/પિતા પૈકી એક વાલીનું અવસાન થયેલ હોય તેવા કિસ્સામાં બાળક દિઠ માસિક રૂ.૨૦૦૦/- સહાય બાળક ૧૮ વર્ષ પૂર્ણ થાય ત્યા સુધી આપવા ઠરાવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૮) થી નિયામકશ્રીએ પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીના લગ્ન સમયે કુલ.૨.૦૦ લાખ સહાય આપવા બાબતની વર્ષ ૨૦૨૩-૨૪ માટેની કુલ રૂ.૨૦૦૦ લાખની નવી બાબતની કરેલ દરખાસ્તને નાણા વિભાગ દ્વારા સૈદ્ધાંતિક મંજુરી આપેલ છે. જે અન્વયે વંચાણે લીધા ક્રમાંક (૯) થી નિયામકશ્રીએ કરેલ ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબતની કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક (૮) અને (૯) થી કરવામાં આવેલ દરખાસ્તને અનુસંધાને પાલક માતા પિતા યોજના અથવા મુખ્ય મંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીના લગ્ન સમયે કુલ.૨.૦૦ લાખ સહાય આપવા બાબતની વર્ષ ૨૦૨૩-૨૪ માટેની કુલ રૂ.૨૦૦૦ લાખ ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ યોજના તા.૦૧/૦૪/૨૦૨૩ થી સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પાડવામાં આવે છે.

(૨) પાલક માતા-પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી પૈકી તા.૦૧/૦૪/૨૦૨૩ ના રોજ કે ત્યાર બાદ લગ્ન કરનાર કન્યાઓને જ આ ઠરાવથી મળનાર સહાયનો લાભ મળવાપાત્ર થશે.

(૩) આ યોજનાનો લાભ એક જ વાર મળશે.

(૪) આ યોજનાના લાભાર્થી દ્વારા લગ્ન થયા તારીખથી ૨ વર્ષની અંદર અરજી કરવાની રહેશે.

(૫) સહાયની રકમ DBT  મારફતે આપવામાં આવશે, આ રકમ લાભાર્થી કન્યાના બેંક ખાતામાં DBT મારફતે એક સાથે જમા થશે.

(૬) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૭) આ યોજનાનો લાભ લેવા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી/જિલ્લા બાળ સુરક્ષા એકમ ખાતે અરજી કરવાની રહેશે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા અરજી મંજુર કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાંજ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇ પણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.

(૯) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૧) સાધન અથવા કીટ  આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal  પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉધોગ અને ખાણ વિભાગ પાસેથી  "ના વાંધા પ્રમાણપત્ર" (No Objection Certificate)  મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧૨) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૩) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૪) Social Audit અને Third party Verification  પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૫) કેંદ્ર સહાયિત યોજનામાં ફંડ કેંદ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૬) પાલક માતા પિતા યોજના અથવા મુખ્ય મંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી  દિકરીના લગ્ન સમયે  ૧૮ વર્ષ પૂર્ણ થયેથી લગ્ન બાદ લાભાર્થી દ્વારા મેરેજ સર્ટી સાથે કરવામાં આવેલ સહાય આપવાની અરજીના આધારે  રૂ.૨.૦૦ લાખ સહાય આપવામાં આવશે.

(૧૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો  ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૯) પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૦) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૨૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૩) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૪) આ યોજનાના લાભાર્થીઓએ અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

- કન્યાના જન્મ તારીખનો પુરાવો
- કન્યા જેની સાથે લગ્ન કરવાની છે તેની જન્મ તારીખનો પુરાવો.
- પાલક માતા-પિતા/ મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ મેળવેલ હોય તેનો પુરાવો.
- લગ્ન નોંધણીનો દાખલો
- કન્યાનું આધાર કાર્ડ.
- કન્યાના બેક એકાઉન્ટની વિગતો .(રદ કરેલો ચેક અથવા બેન્ક એકાઉન્ટના નંબરવાળુ પાસબુકના પાનની નકલ)

(૨૫) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨ મુ.સ ૨૨૩૫ ૦૨ ૧૦૨ ૦૧ ૦૦ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:

- અગ્ર સચિવશ્રી, માન.રાજ્યપાલશ્રીનું કાર્યાલય, રાજ ભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી , સા.ન્યા. અને અ. વિભાગ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ (નિયામકશ્રી, સ.સુ. મારફતે).
- નિયામકશ્રી (અ.જા.ક.), ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર .
- નિયામકશ્રી (વિ.જા.ક.), ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર .
- સિસ્ટ્મ મેનેજરશ્રી, કો-સેલ , સાન્યા અને અ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ -૨૦૨૩

Signature Not Verified
Signed by:P M Gameti
Section Officer
Date: 2023.06.27
12:31:38 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign